# મધ્યકાલીન ધર્મ-અધ્યાત્મ ક્ષેત્રે નારીચેતના
# (મહાપંથના વિશેષ સંદર્ભે)

ડૉ.શિતલબેન અશોકભાઈ માછી
અધ્યક્ષા, ગુજરાતી વિભાગ
ભવન્સ કૉલેજ, ડાકોર.

વૈદિકકાળમાં નારીનું સ્થાન પુરુષ સાથેનું સમાન સહભાગિતાનું –અર્ધાંગિનીનું રહ્યું છે.નારી ધર્મ અને અધ્યાત્મ ક્ષેત્રે ઉચ્ચસ્થાને બેઠી હતી.બ્રહ્મજ્ઞાની ગાર્ગી,મૈત્રેયી,સુલભા,બ્રહ્મવાદિની,સિદ્ધયોગીની,ચુડાલા અને કવયિત્રી અપાલા હતી.તે સમયે નારી નારાયણી હતી.

યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા : |
યત્રેતા : તુ ન પૂજયન્તે સર્વા :તત્રા ફલા : ક્રિયા : ||[૧]

રામાયણકાળમાં સીતા સહધર્મચારિણી છે,મહાભારત કાળમાં કૃષ્ણ, કુબ્જા અને ગોપકન્યાઓને ,રાધા અને સુજાતાને અણમોલ પ્રેમ કરે છે.પરંતુ ધર્મરાજા યુધિષ્ઠિર નારીને પોતાની પત્નીને સંપત્તિ માની જુગારમાં હારે છે અને ભરસભામાં નારીનું વસ્ત્રાહરણ થાય, છતાં તેની ફરિયાદ કોઈએ સાંભળી નહિ.ત્યાંથી નારી અસહાય અને અબળા બની જાય છે.અમુક ગ્રંથો નારીને શુદ્ર અને અસ્પૃશ્ય ગણી ધૃણાસ્પદ સ્થાને મૂકી દે છે. તે પછી રૂઢિવાદી ધર્મ અને પંથ પરંપરામાં નારીનું સ્થાન નિમ્ન સ્થાને અને હડધૂત કક્ષાએ મૂકાઈ ગયું.પરંતુ મધ્યકાળમાં સ્ત્રી ચેતનાનો દીવો સાવજ ઓલવાઈ ગયો નથી.એની ઝીણી જ્યોત સતત પ્રજવલિત રહી.મધ્યકાળમાં ઇસ્લામિક ઝનૂનના આગમન,લૂંટફાટ,હિન્દુત્વ નષ્ટ કરવા આવ્યા, ત્યારે નારીના શિયળની બેફામ લૂંટ ચાલી. તેના રક્ષણરૂપે પડદા પ્રથા ,લાજ કાઢવા જેવા અનેક રિવાજો સામાજિક કાયદાઓ સ્ત્રી ઉપર લાદી દેવામાં આવ્યા. આંતરિક પ્રકાશ પ્રદીપ્ત થતાં,અનેક અન્યાયનો ભોગ બનેલી કેટલીક નારી પોતાના આત્માના કલ્યાણ અર્થે અંધકાળયુગના ભક્તિ આંદોલનમાં સંત-ભકત-સિદ્ધ સાધકોની પરંપરામાં જોડાઈ.

મધ્યકાલીન ગુજરાતીમાં પ્રખ્યાત સ્ત્રી કવયિત્રી મીરાં નરસિંહયુગમાં થઇ ગયા અને ઘણું કરીને એ સમયે ભજનવાણીનો પ્રવાહ પ્રબળ બન્યો.એમને પોતાનું જીવન ભક્તિમાં જ સમર્પિત કર્યું.

‘જૂનું તો થયું રે,દેવળ જૂનું તો થયું ;
મારો હંસલો નાનો ને ,દેવળ જૂનું તો થયું.’[૨]
‘રામ રાખે તેમ રહીએ ....ઓધવજી ...રામ રાખે તેમ રહીએ ..

હે આપણે ચિઠ્ઠીના ચાકર છૈએ ...રામ રાખે તેમ રહીએ'[૨]

કાયા તો કરમાઈ જશે,પણ આત્મા તો અમર છે.ક્ષણભન્ગુર આ જીવન છે. પરમાત્માએ જે જીવન આપ્યું છે,એ તેમની ઈચ્છા મુજબનું જીવવું એ જ એષણા છે.ઈશ્વર જે પરિસ્થિતિમાં રાખે એમાં રહેવું,કોઈ ફરિયાદ નહી.દરેક ક્ષણોમાં માત્ર પ્રભુ ભક્તિમાં જ લીન છે. ઉપરોકત પંકિતઓ તો આજે સમાજમાં પણ રૂઢ થઇ ગયેલી જણાય છે.જે તત્કાલીન સમયની નારીચેતાનાનો વૈભવ અને ઊંડાણનો તાગ મેળવવા પૂરતી છે. મીરાંના સંખ્યાબંધ પદોને ગુજરાતની ભાવિક જનતા કંઠસ્થ રાખીને વર્ષોથી ભાવમય રીતે ગાતી આવી છે અને પોતાના ભક્તિભાવનું એનાથી પોષણ –સંવર્ધન કરતી આવી છે.મીરાં એકલા ગુજરાત અને રાજસ્થાનની જ નહિ,ભારતવર્ષની પણ પ્રથમ સ્થાનની અધિકારી કવયિત્રી છે.જગતમાં જે સૌથી મહામુલું છે,જેને પ્રાપ્ત કરવા જ આ મનુષ્ય અવતાર મળ્યો છે એવા પરમાત્માની પ્રાપ્તિ એમને થઇ છે. ભકિત બધાના સદભાગ્યમાં હોતી નથી.આ તો શૂરવીરોનું કામ છે એટલે પ્રીતમ પોતાના એક પદમાં કહે છે,

'હરિનો મારગ છે શૂરાનો નહી કાયરનું કામ જોને'[3]

પરંતુ ૧૧મી સદીથી ૧૯મી સદીના મધ્યભાગ સુધી વિસ્તરેલા ગુજરાતી સાહિત્યના પટમાં ડોકિયું કરતાં એકવાત સ્પષ્ટ જણાય છે કે, નારી ચેતના વિશેષરૂપે મહાપંથમાં જ ઝળહળી છે. લોયણ, રૂપાંદે, દેવુબાઈ, લીરલબાઈ, ડાળીબાઈ, તોરલ, ગંગાસતી વગેરે જેવી સંત કવયિત્રીઓ આ પંથમાં થઇ ગઈ.તેની તુલનાએ જૈન, પ્રણામી, સ્વામિનારાયણ, સત કૈવલ, સંતરામ, રામદેવપીર, અઘોરપંથ આદિ ધર્મ પંથોમાં નારી ચેતનાના પુરાવાઓ મળતા નથી. કદાચ ખૂણે-ખાંચરે હોય તો પણ તે એક સંશોધનનો વિષય છે.પરંતુ રાજસ્થાન –ગુજરાતની મહાપંથી પરંપરામાં અને પાટ ઉપાસનામાં ઉપાસ્ય અલખ છે,પણ ગુરુ તરીકે સ્ત્રીનું મહ્ત્વ સ્વીકારવામાં આવ્યું છે.મહાપંથ–નિજાર પંથમાં સ્ત્રીની જે મહત્તા થઇ એવી જગતના કોઈ ધર્માદિ કદાચ ભાગ્યે જ થઇ હશે.કારણ કે,અહીં સ્ત્રી ગુરુ સ્થાને બિરાજે છે,એટલું જ નહી,આ પંથમાં સ્ત્રી તેના પતિની પણ ગુરુ થઇ છે.પુરુષના આધિપત્યવાળો ઢાંચો ધરાવતા પુરુષપ્રધાન સમાજમાં આ એક અનન્ય અપવાદ ગણી શકાય.નિજારના મોટા ભાગના પુરુષનો નારી દ્વારા ઉદ્ધાર થયો છે.અર્થાત નિજારપંથમાં નારીઓએ નરને ઉપદેશ્યાના,તેનું પરિવર્તન કર્યાના,પુરુષને દિક્ષિત કર્યાના અનેક દાખલાઓ છે.જેસલને નિજાર ધર્મની દીક્ષા સતી તોરલે આપેલી.અહીં જેસલ જેવો મલકનો ચોર તોરલ જેવી નારીના શબ્દે જાગી જાય છે.જેસલમાંનો બુઝાઈ ગયેલો માણસ પ્રગટી આવે એ કેવો ચમત્કાર ? આ પંથની નારીએ એ કરી બતાવ્યું છે. મહાપંથી ધારાને લઈને રૂપાંદે-માલદેવ,જેસલ તોરલ આવ્યાં,વળી મહાપંથમાં તો સ્ત્રી ગુરુ સ્થાને બિરાજે તે પ્રથા હતી.તેથી સંતવાણી અને સાધનાનો અધિકાર સ્ત્રીને મળ્યો અને સ્ત્રી પથદર્શક બની ગઈ. સતી રૂપાંદેના ભજનો ગુજરાત અને રાજસ્થાનમાં પ્રચલિત છે.ભજન સાહિત્ય સ્વરૂપમાં પોતાની આરાધ્યવાણી પ્રગટ કરી છે.કવયિત્રી રૂપાંદે એક પદમાં કહે છે કે,

'કાયા છે રે કૂપો માલદે ! મન છે કસ્તુરી રે.. જી

એ જી એને વિગતે કરીને વાવરી એ ... એ રાહોલ માલા ..'[૫]

કાચના શીશા જેવો આ દેહ ક્ષણભન્ગુર છે,જયારે મન,આત્મા કસ્તુરી સમાન મહામૂલું છે. નશ્વર દેહને સાચવીને શું મળશે ?અંતે તો બળીને ખાખ જ થશે.જેનું સાચા અર્થમાં કલ્યાણ કરવા જેવું છે, એ છે 'આત્મા'.

સતી તોરલની રચનાઓ આંગળીના ટેરવામાં ગણી શકાય તેટલી છે ને એ રચનાઓ મોટેભાગે પ્રસંગ સાથે જોડાયેલી છે.જેમ કે, તોરલને કચ્છથી અંજાર લઇ જતાં વચ્ચે મધદરિયાના પ્રસંગથી જેસલનું હૃદય પરિવર્તન થાય છે.તોફાનમાં ફસાતા તોરલ એને પોતાના જીવનમાં કરેલા પાપોને યાદ કરવા કહે છે એનું એક બહુ જાણીતું પદ કે ,

પાપ તારું પરકાશ જાડેજા ,ધરમ તારો સંભાળ ...

તારી બેડલીને બુડવા નહી દઉં જાડેજા એમ તોરલ કે' છે. [૬]

કચ્છનો કાળો નાગ તરીકે ઓળખાતા જેસલ ચોર–લૂંટારો હતો.તેને અસુરરૂપી તત્ત્વમાંથી ઉગારી 'પીર'બનાવનાર એ સતી તોરલ હતાં.સાંસતિયો પણ એવો જ ચોર હતો અને તોરલના સંગે એનો ઉદ્ધાર થયો.ત્રીજો સધીર શેઠ કે,જેની દેહ વાસના કાઢીને તોરલ એને સદમાર્ગે વાળે છે.

રામાપીરના સમકાલીન અને પંડિત દેવાયતના ધર્મપત્ની એવા સંત કવયિત્રી દેવલદે પોતાની ભજનવાણી થકી પોતાના આત્માના કલ્યાણ અર્થે અલખધણીની ઉપાસના કરે છે. જો કે,એ રચનાઓ હાલ પ્રાપ્ત નથી.માત્ર પોતાના પતિને ઈશ્વર સમાન ગણતી સતી દેવલદે પોતાના પતિના વિયોગ સમયે કહે છે કે ,

જી રે હંસરાજા ! અબ મત છોડો અમને એકલાં રે,

જી રે હંસારાજા ! આ રે કાયાનો કોણ માલમી રે ? હંસા ,કરો મુખસે બાત રે..

અબ મત છોડો અમને એકલાં રે .....[૭]

પોતાના પતિના અવસાન સમયે આ પાંચ કડીનું ભજન રચાયું છે.જેમાં પંડિત દેવાયત એકલાં અલખધણીના ધામમાં જઈ રહ્યા છે ત્યારે હવે પોતાનું ક્ષણિક જીવન કોના સહારે પૂરું કરશે અને પોતાના પતિને જ પરમેશ્વર માનતી સ્ત્રીના વિયોગ ભાવને વ્યકત કરતુ ભજન છે.

સતી લોયણે લાખાને ઉદ્દેશીને ૯૦ જેટલા પદોની રચના કરી છે.સૌરાષ્ટ્રમાં મધ્યકાલીન સાધના પરંપરામાં મહાપંથના માર્ગે ચાલીને અલખધણીની ઉપાસના કરવામાં સતી લોયણનું સ્થાન માન ઉચ્ચકક્ષાનું છે.પુરુષ શિષ્ય છે અને ગુરુ પદે સ્ત્રી છે.ભકિત –સાધનાનો પંથ કઠિન છે.તેમના ભજનો વડે સમાજમાં સદમાર્ગેનો પ્રકાશ ફેલાવી શકાય છે. સતી લોયણ પોતાના એક પદમાં કહે છે કે ,

'જી રે લાખા હરિને ભજવા હોય તો મિથ્યાપણું મેલો જી હો જી ,

આ અવસર આવ્યો છે છેલ્લો હાં ...હાં .
જી રે લાખા ભવસાગર તરવાનું જાય છે આ ટાણું જી હો જી,
તમે હું ને મારું બધું ઠેલો હાં ...હાં .. ' [૮]

પરમાત્માની પ્રાપ્તિ માટે મિથ્યાપણું છોડવું પડે. આપણા અંતરમાં મોહ,લોભ,ક્રોધ,ઈર્ષા જ્યાં સુધી વ્યાપ્ત છે, ત્યાં સુધી એ ઈશ્વર નજીક પહોંચવામાં અવરોધરૂપ બને છે. મહાપંથ સંત કવયિત્રીઓમાં બહુ નજીકના સમયમાં એટલે કે ,ઓગણીસમી સદીમાં ગંગાસતી થઇ ગયાં.એમના જીવન વિશે અને એમના સાથે જેમનું નામ જોડાયેલું છે એવા પાનબાઈના જીવન વિશે મતાંતરો જોવા મળે છે.ગંગાસતીના ચાલીસેક ઉપલબ્ધ પદો (મુ)માંથી વીસેક પદોમાં પાનબાઈને સંબોધન થયેલું મળે છે.ભજનિકોમાં સારો પ્રચાર પામેલા આ પદોમાં ભક્તિ અને યોગસાધનાથી માંડીને પરમતત્વના સાક્ષાત્કાર સુધીની વિવિધ ભૂમિકાઓનું નિરૂપણ છે.કોઈક સ્વરૂપની આધ્યાત્મિક અનુભૂતિ હૃદયમાં ભાવ જગાડે છે.આ ભાવ જયારે વાણીનું સ્વરૂપ ધારણ કરી ,લય સાથે બહાર નીકળે છે ત્યારે તેને 'ભજન' કહેવાય છે ને આવા ભજન સ્વરૂપમાં ગંગાસતી એ પોતાની વાણી વહેતી મૂકી છે.

ગંગાસતી પોતાના પદમાં કહે છે કે ,
'વીજળીને ચમકારે મોતીડાં પરોવી લ્યો પાનબાઈ,
નહિતર અચાનક અંધારા થાશે જી ;
જોત રે જોતાંમાં દિવસો વહી જશે પાનબાઈ !
એકવીસ હજાર છસોને કાળ ખાશે જી ...વીજળીને ચમકારે ...' [૯]

સ્વામી વિવેકાનંદ શિકાગોની ધર્મ પરિષદમાં ગયાંને ત્યારે પોતાના વકતવ્યમાં શિવમહિમ્ન સ્તોત્રનો એક શ્લોક ટાંકેલો કે,

'ત્રયી સાડખ્યમ યોગ :પશુપતિમતમ વૈષ્ણવમિતિ
પ્રભિન્ને પ્રસ્થાને પરમિદમદ:પથ્યમિતિ ચ !
રુચિનાં વૈચિત્યાદજુકુટિલ નાનાપથજુષામ
નૃણામેકો ગમ્યસ્ત્વમસિ પયસામર્ણવ ઈવ !

અર્થાત અધ્યાત્મની અનુભૂતિ માટે વેદો દ્વારા સૂચિત ત્રણ પંથ –સાંખ્ય ,યોગ ,પાશુપત અને વૈષ્ણવ શાસ્ત્ર છે.લોક રૂચી અનુસાર સીધા અથવા કુટિલ એમ જુદા જુદા માર્ગોને અનુસરે છે.પોતાના સ્વભાવ મુજબ એને જ શ્રેષ્ઠ માને છે.પણ જેમ નદીઓ સમુદ્રમાં મળે છે એમ આ તમામ માર્ગો અંતે એક જ પરમાત્મા પાસે લઇ જાય છે.એમ સંસાર સમગ્રમાં ,ન માત્ર ભારત ,વિશ્વ સમગ્રમાં ભગવાન પાસે જવા પોતપોતાના માનેલા ધર્મો અથવા કોઈ અન્ય આશ્રય દ્વારા પરમતત્ત્વ સુધી પહોંચવા મથે છે.એમ મહાપંથ પણ ભગવાન સુધી પહોંચવા મથતા સાધકોનો એક મત –પંથ છે.અધ્યાત્મ માર્ગમાં અવધાન રૂપ બનતા મેલ ઈગો –પુરુષની અહં પ્રકૃતિ સ્ત્રી પાસે –સ્ત્રી ગુરુ પાસે નત મસ્તક થવી,અને એ પણ અધ્યાત્મના ઉચ્ચ શિખરે પહોંચવા એ ભારતીય પરંપરામાં આ માર્ગની સૌથી મોટી વિશેષતા છે.

**સંદર્ભસૂચિ**


૧. મનુસ્મૃતિ –અધ્યાય -૩

૨. ગુજરાતી સાહિત્ય મધ્યકાલીન –અનંતરાય રાવળ –પૃ.૧૦૨

૩. ગુજરાતી સાહિત્ય મધ્યકાલીન –અનંતરાય રાવળ –પૃ.૧૭૯

૪. સનાતન ધર્મ અભિગમ –સંપાદક –સાધુ શ્રી હરિદાસ (વેદાંતાચાર્ય,વાચસ્પતિ) પૃ.૧૧૬

૫. રામસાગરને રણકારે –ડૉ.નાથાલાલ ગોહિલ –પૃ.૪૪

૬. રામસાગરને રણકારે –ડૉ.નાથાલાલ ગોહિલ –પૃ.૩૮

૭. સંત સાહિત્ય : સંશોધન અને સમીક્ષા –ડૉ.નાથાલાલ ગોહિલ –પૃ.૧૦૦

૮. સતી લોયણના ભજનો –સંપાદક –ડૉ.નાથાલાલ ગોહિલ –પૃ .૬૫

૯. સાધો ! શબદ સાધના કીજૈ –ડૉ.નાથાલાલ ગોહિલ –પૃ -૨૨૩

૧૦.સાધો ! શબદ સાધના કીજૈ –ડૉ.નાથાલાલ ગોહિલ –પૃ -૨૨૪